II
SANDESH
AHMEDABAD SATURDAY, 20•07•2024

### મત્સ્યપાલન ક્ષેત્રે સરાહનીય કામગીરી બદલ ICAR-CIFRI દ્વારા

# આણંદ જિલ્લાના તહેજીબ ખાન પઠાણને બેસ્ટ ફીશ ફાર્મર એવોર્ડ એનાયત કરાયો

## ગુજરાતમાંથી બેસ્ટ ફીશ ફાર્મર એવોર્ડ માટે તહેજીબ પઠાણની પસંદગી

। આણંદ । (સં.ન્યૂ.સ.)

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના તહેબજીખાન પઠાણનું મત્સ્ય પાલન ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરવા બદલ ICAR-CIFRI સંસ્થા દ્વારા રાષ્ટ્રીય મત્સ્ય પાલન દિને કલકત્તા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બેસ્ટ ફીશ ફાર્મરનો એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું હતું. તહેબજીખાન પઠાણે જણાવ્યું હતું કે મેં અત્યાર સુધીમાં ૧૫ વખત મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા આપવામાં આવતી તાલીમ મેળવી છે અને હું હાલમાં બોરસદ ખાતે મારી ખાનગી નર્સરી પણ ચલાવું છું જેમાં દોઢ વીઘામાં મચ્છીના બીજનું ઉત્પાદન કરૂં છું. જેના થકી મને રૂ. ત્રણ લાખ જેટલી આવક થાય છે.

આ ઉપરાંત મેં મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા મને ઈજારા પર બોરસદ તાલુકાના સિંગલાવ અને પામોલ ગામ ખાતેના બે તળાવો મળ્યા છે જે બે હેક્ટરના છે તેમાંથી ચાર ટન જેટલી માછલીનું ઉત્પાદન થાય છે એક ટનના અંદાજીત રૂ. એક લાખની આવક થાય છે. આમ મત્સ્ય પાલન કરવા માટે મને ઈજારાં પર મળેલા બે તળાવમાંથી હું વર્ષે પાંચથી છ લાખ જેટલી આવક મેળવું છું. આમ મત્સ્ય પાલન ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરવા બદલ ICAR-CIFRI સંસ્તાએ ૧૦ જુલાઈએ રાષ્ટ્ર્ય મત્સ્ય પાલન દિવસ કોલકત્તામાં યોજાયેલ

ફોટો । ઉમેશ સેવક



સંમેલનમાં ગુજરાત રાજ્ય માટે મત્સ્ય પાલન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના તહેબજીખાન પઠાણને બેસ્ટ ફીશ ફાર્મર એવોર્ડ મળ્યો હતો. ૪૦ વર્ષથી માછલી ઉછેરનો વ્યવસાય કરતાં તેમના કાકા પાસેથી મત્સ્યપાલનના વ્યવસાયની જાણકારી મેળવી આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. તહેબજીખાને મત્સ્ય ઉદ્યોગ ખાતાનો સંપર્ક કરી તેમના દ્વારા આપવામાં આવતી તાલીમ મેળવીને મત્સ્યપાલનનો વ્યવસાય શરૂ કર્યો. સમગ્ર વિશ્વમાં મત્સ્યપાલનમાં ચીન મોખરાનું સ્થાન ધરાવે છે. ત્યારબાદ ભારત બીજા ક્રમે છે. ગુજરાતને ૧૬૦૦ કિ.મી. જેટલો દરિયા કિનારો મળ્યો છે તોઆપણે આ દરિયાકનારાનો મત્સ્યપાલન માટે ઉપયોગ કરી દેશને કેમ સમગ્ર વિશ્વમાં મોખરાનું સ્થાન હાંસલ કરાવી ના શકીએ ?